

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

રચીને અનેક પક્ષો, પક્ષો સામે લડી લીધું
ખજૂરિયા થઈને હજૂર સામે, લડી, લીધું
લડી લીધું હાઈકમાન્ડો સામે દાવા-દલીલે -
જરૂર પડી, સાથીઓ સામે પણ લડી લેશું !
(હું સ્પર્ધામાં નથી)

હાઈકુ

ચલ જાઉં, કે
ફરીથી ટપ જાઉં ?
દેખાય દ્વિધા !!
(બાપુશ્રી ની વિમાસણ)

અંતરાત્મા જ
મારો હાઈકમાન્ડ
ક્ષાત્ર ગૌરવ...
(વસંત વગડે
ટહુકો કે ડણક)

### ચિંતન

અગ્ને વિવસ્વદા ભરાસ્મભ્યમૂતયૅ મહે ।
દેવો હ્યસિ નો દૃશે ॥

ઉપરોક્ત શ્લોક સામવેદ ઐન્દ્રકાંડમાંથી લેવાયેલ છે.

હે પ્રભો ! અમારા માટે જે મહાન રક્ષા, અખંડ સુખ મોક્ષ છે, તેની પ્રાપ્તિ માટે અભ્યાસ અને વૈરાગ્યના દ્વારા અથવા સગુણ અને નિર્ગુણ સ્તુતિ દ્વારા સિદ્ધ થનાર તારું વિશેષ પ્રકાશમય સ્વરુપ છે તેને પ્રાપ્ત કરાવ, તે દર્શન માટે અમે યાચક છીએ અને તું અમારો ઈષ્ટદેવ છે, તો પછી અમે તે દર્શનથી કેમ વંચિત કરી શકીએ ?

અમે મનુષ્ય છીએ, મનનશીલ છીએ, તારા દર્શન માટે ઉત્સુક છીએ. પરશુરામ સંસાર ને જુએ છે, મનન કરતા નથી, તેની દૃષ્ટિ સ્થૂળ છે, તેમાં મનન ન હોય તો અમે પણ તારા દર્શન વિના પશુ સમાન બની જઈએ. સંસારમાં માનવ રૂપમાં આવ્યો, પરંતુ તારા દર્શન વિના ખાલી હાથે પાછો ફર્યો તો માનવ જીવન અવતાર એળે ગયો.

### સુવિચાર

- શુભ જે તે કરો શીઘ્ર, અશુભે આળશુ થજો - **રામાયણ**
- અધ્યયનની લંબાઈ પહોળાઈ જોવાની નથી, ઊંડાઈ જ જોવાની હોય છે - **વિનોબા ભાવે**
- જીંદગી જામ એ ઐશ હૈ લેકિન, ફાયદા કયા અગર મુકામ નહીં - **વલી અહમદ**
- ‘શેતાન’ વગર ધૂમાડાની આગમાંથી જન્મ્યો છે - **કુરાન**
- બાળકોની અમે બહુ ખબર રાખીએ છીએ એવું બતાવવા માટેની યોજના ને ‘શિસ્ત’ કહે છે - **બેટ્ટી ડેવિસ**
- આપણો ચિરકાળનો મોટામાં મોટો દુશ્મન હોય તો તે ‘શંકા’ છે - **માતાજી**
- આજનું ઔષધ : પાતળી છાશમાં બે આની ભાર સુરોખાર નાખીને પીવાથી પેશાબની બળતરા મટે છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

વિયેતનામ અને અમેરિકાનું યુદ્ધ થયું જેમાં અમેરિકાનો એક સાર્જન્ટ તથા એક સૈનિક બે જણા પકડાઈ ગયા. પછી કંઈક કારણસર બે છૂટી પણ ગયા. કડકડતી ઠંડીમાં જેવા બેવ જણા જેલની બહાર નીકળ્યા અને વાહનની રાહ જોતા બેઠા. બેવ બ્રેડ બટર આરોગી રહ્યા હતા ત્યાં કોઈ ગરીબનું નાનું બાળક આવ્યું. ભૂખનું માર્યું ઠંડીનું માર્યું બાળક રોઈ રહ્યું હતું. એ બાળક આ બેવને બ્રેડ બટર ખાતા જોઈ રહ્યું પણ કંઈ જ બોલ્યું નહીં. સાર્જન્ટ તથા સૈનિક પણ એવા ભૂખ્યા હતા કે બ્રેટ બટર ખાઈ લીધા પછી એમને થયું કે આપણે ભૂલ કરી. બાળક હસવાની કોશિશમાં હતું અને આ બેવને થયું કે આપણે બાળકને કંઈક આપવું. એમાં એક અમેરિકનના ખીસામાંથી ચોકલેટ નીકળી. પેલા બાળકને બોલાવી ચોકલેટ આપી. પેલા બાળકે આશ્ચર્ય એ ચોકલેટના ત્રણ સરખા ભાગ કરી પેલા બે ભાગ સૈનિકોને આપી ત્રીજો ભાગ પોતે રાખ્યો. પેલા બેવ બાઘા થઈ જોઈ જ રહ્યા.

જાતે ભૂખ કે દુ:ખમાં હોય ત્યારે પણ માનવતા અને ધીરજ ગુમાવ્યા વિના જે હસી શકે તે જ સાચો માનવ.

# સફળતાના ત્રણ વર્ષ આગામી બે વર્ષ સરળ બનાવશે

આગામી ત્રણ દિવસમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શાસનના ત્રણ વર્ષ સંપન્ન કરી રહ્યા છે ત્યારે દેશભરમાં સફળતાના લેખાં જોખાં થાય તે સ્વાભાવિક છે. બંને પક્ષે દલીલો છે અને પુરાવાઓ પણ છે. સૌ સૌની ફુટપટ્ટીથી મુલવણી કરે છે. શાસનના ત્રણ વર્ષમાં ઘણા બધા મુદ્દાઓ પર પ્રધાનમંત્રીએ પોતાની વિચારધારાથી યુટર્ન લેવો પડયો છે એનો કોઈ ઈન્કાર કરી શકે નહીં, એ આધારકાર્ડ હોય કે મનરેગા હોય પરંતુ ઉપલબ્ધિઓની યાદી પણ અસરકારક છે. આવનારા દિવસોમાં એના પરિણામો અનુભવાશે એવો દાવો પણ ખોટો નથી. જીએસટીના અમલીકરણની ઉપલબ્ધિ કદાચ ગેમ ચેન્જર બની શકે. વર્ષોથી અટવાતો જીએસટીનો મામલો નરેન્દ્ર મોદી સિફતપૂર્વક વિપક્ષોને સમજાવવામાં સફળ બન્યા છે અને કરવેરાના સરળીકરણ પ્રજા માટે ઉપકારક બનશે. નોટબંધી વિવાદાસ્પદ ચોકકસ રહી પરંતુ આવકાર પણ વધુ પ્રમાણમાં પ્રાપ્ત થયો આ બંને આર્થિક ક્ષેત્રના નિર્ણયોને ટીકાકારો પણ બિરદાવે છે.

**તંત્રીસ્થાનેથી...**

કાયદો અને વ્યવસ્થાની સમસ્યામાં અપેક્ષિત સુધારો નથી પરંતુ બગડતી સ્થિતિને નિયંત્રિત કરી શકાય છે. સૌથી શિરદર્દ સમાન કાશ્મીર સમસ્યા વધુ વણસી છે એમ સમર્થકો પણ સ્વીકારે છે. નકકર પગલાંના દેકારાને પડકારા કરતાં નેતાઓ રક્ષણાત્મક સ્થિતિમાં છે એ વાત કબુલવી જ રહી. વ્યુહાત્મક ન સમજાય તેવી સ્થિતિમાં કાશ્મીરની ચિંતા આજે પણ દેશને સતાવે છે. સ્વચ્છતા અભિયાન ઉત્તમ વિચાર છે. અમલીકરણમાં ઢીલાશ-કચાશની વાત છોડીએ તો દેશનું આવકારદાયક વૈચારિક આંદોલન સ્વીકારવું પડે એમ છે. આવનારા દિવસોમાં સ્વચ્છતા ભારતની ઓળખ બને એવા વિચારો અભિનંદનીય છે. યોગ દિવસની ઉજવણી સ્વસ્થ સમાજના નિર્માણમાં યોગ્ય દિશા છે. રોજગારી ક્ષેત્રે ધાર્યા પરિણામો દેખાતા નથી. પરંતુ વિકાસ દર માટે ઉદ્યોગોને આશાવાદ છે. અને રોજગારી સર્જવામાં ઔદ્યોગિક વિકાસ સિંહફાળો આપી શકે તેવું ચિત્ર ઉપસે છે. વિકાસના પરિણામો છેવાડાના માણસને પહોંચે તો વિકાસ અને કલ્યાણ બંને ચરિતાર્થ કરવાની ક્ષમતાની દેશને પ્રતિતિ થઈ રહી છે.

રાજકીય ફલક ઉપર ભારે સફળતા મેળવી છે એ સ્પષ્ટ છે. મહારાષ્ટ્ર, ઉત્તરપ્રદેશ, ગોવા, ઉત્તરાખંડ અને મધ્યપ્રદેશ જેવા મોટા રાજયોમાં ભાજપની બોલબાલા છે, મોદીની બોલબાલા છે. કોંગ્રેસ મુકત ભારતના સુત્રને યથાર્થ કરવા અનેક સ્થાનો પર વિચિત્ર સમાધાનો થયા છે. ભાજપની અને મોદીની પ્રતિભાને નુકશાન થાય તેવા સમાધાનો થયા છે પરંતુ રાજકારણમાં તો જો જીતા વો સિકંદર પરિણામ જ મહત્વનું હોય છે અને એ ન્યાયે ત્રણ વર્ષમાં નરેન્દ્ર મોદીની રાજકીય સફળતા નોંધપાત્ર રહી છે.

ત્રણ વર્ષમાં અનેક એવા નિર્ણયો એવા અભિયાનો, એવા વિચારો દેશ સમક્ષ મુકાયા છે જે આવનારા બે વર્ષ માટે મોદીનો માર્ગ સફળ બનાવશે.

# સુસંસ્કૃત જનોની સંસ્કૃત કાર્યશૈલી



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

વિનોબા ભાવેની હિન્દુ વિશેની વ્યાખ્યા પ્રત્યેક ભારતીયને માટે યાદ રાખવા જેવી છે : હિંસયા રૂયતે ચિતમ્ યસ્ય ઈતિ હિન્દુ। અર્થાત જેનું ચિત્ત અથવા મન હિંસાથી દુભાય છે તે હિન્દુ છે. આ વ્યાખ્યાને ધ્યાનમાં લઈએ તો કોઈને બીજાની હિંસા કરવાનો અધિકાર નથી. ધર્મને નામે ઘણાં ઝઘડાઓ દેશ દુનિયામાં થયા છે અને થયા કરે છે. છતાં સાચો ધર્મ લોકો સુધી પહોંચતો નથી.

આજે સંસ્કાર સિંચન માટે સંસ્કૃત શિક્ષણ અનિવાર્ય બનતું જાય છે.ભારત સરકારની વિવિધ સંસ્થાઓ સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર ના પ્રયત્નો કરે છે. વિવિધ સરકારી પ્રકાશનગૃહો પણ સંસ્કૃતના ભાષા-સાહિત્યના ઉત્તમ પુસ્તકો છાપીને વેંચે છે તેમજ પ્રત્યેક રાજયની સંસ્કૃત અકાદમીઓ થકી પણ પરિસંવાદો ઉપરાંત સંસ્કૃત પ્રચાર-પ્રસારના પ્રયત્નો થાય છે. વિવિધ પ્રકારની વેબસાઈટ્સ અને વિજાણુ માધ્યમો થકી સંસ્કૃતને જનસામાન્ય સુધી લઈ જવાય છે. પ્રતિદિન સવારે સાત વાગ્યામાં પાંચ મિનિટ ઓછી હોય ત્યારથી પાંચ મિનિટ સુધી રેડિયો અને ટી.વી.માં સંસ્કૃત માધ્યમથી સમાચારો આવે છે. ઉપરાંત ટી.વી. માં વાર્તાવલિનામે અડધાકલાકનો નવો સંસ્કૃત કાર્યક્રમ શનિ-રવિમાં પ્રસારિત થાય છે. જેમાં દેશ-દુનિયામાં સંસ્કૃતનું કાર્ય કરનારા વિવિધ વ્યકિતઓ અને સંસ્થાઓના પ્રયાસોની જાણકારી ઉપરાંત જાણીતાં હિન્દી ગીતોના સંસ્કૃત-અનુવાદોને ગાન કરવા માટેનું પ્રોત્સાહન અપાય છે. જેને લીધે હિન્દી ગીતોના રસિકો આજકાલ એ જ ઢાળમાં ગીતનો સંસ્કૃત અનુવાદ કરીને ગાવાની તૈયારીમાં લાગી ગયા છે. કારણકે પ્રત્યેક શનિવારે ટી.વી. પર નવું એક ગીત હિન્દીમાં અને સ્પર્ધાગીત સંસ્કૃતમાં અનૂદિત થયેલું ગાયક (અથવા અનુવાદક) રજૂ કરે છે. સંગીતનું તત્વ હોઈ લોકોને સંસ્કૃતાનુવાદિત ગીતો ગમવા માંડ્યાં છે. તેમાં વિવિધ પુરસ્કારો પણ વિજેતાને અપાય છે.

સંસ્કૃત આયોગ નામની રાષ્ટ્રીય સંસ્થા સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર કરનારી વ્યકિતઓના સૂચનોનો અમલ કરાવે છે. કેટલાંક રાજયો સંસ્કૃતના શિક્ષણને ફરજિયાત કરવાની દિશામાં આગળ વધી રહયાં છે. તેમાં અસમનો સમાવેશ થાય છે. તે ઉપરાંત મધ્યપ્રદેશમાં પણ સંસ્કૃત શિક્ષિત વ્યકિતઓને સરકારી નોકરીમાં અગ્રતાક્રમ આપવામાં આવશે તેવું જાણવા મળે છે. આ ઉપરાંત જયોતિષ અને કર્મકાંડ કરનારા લોકો અવાંતરે સંસ્કૃતનો પ્રચાર-પ્રસાર કરે છે. શુધ્ધિપૂર્વક મંત્રોચ્ચારણની ભલામણ કરે છે. વળી, જમાના પ્રમાણે બ્રાહ્મણેત્તર લોકો પણ ખૂબ પ્રમાણમાં સંસ્કૃત ભણીને આગળ આવ્યા છે. તેઓ સંસ્કૃત શિક્ષણ સાથે સંકળાયેલા છે. કર્મકાંડ જયોતિષ ઉપરાંત વાસ્તુશાસ્ત્રના અધિક પ્રચાર-પ્રસારને લીધે પણ અવાંતરે સંસ્કૃતના પ્રચારનું જાણે કે પૂર

ફેલાયું હોય તેવું જણાય છે. વિવિધ ધાર્મિક સંપ્રદાયો અને સદ્‌ગુરુઓ સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે ના અવૈધિક પ્રચારકો છે. જેમ કે ચિન્મય મિશન, શિવાનંદ આશ્રમ અને અન્ય સ્થાનિકોથી માંડીને વૈશ્વિક કક્ષાની સંસ્થાઓ કાર્યરત છે. ઈસ્કોન વગેરે ધાર્મિક સંગઠનોની ભૂમિકા પણ ધર્મપ્રચાર સાથે સંસ્કૃતના સ્તોત્રાદિનું ગાન કરતાં કરતાં સંસ્કૃતની અવાંતરે સેવા કરે છે. બીજી કેટલીક સંસ્થાઓ ધર્મના માધ્યમથી સંસ્કૃતને માધ્યમ બનાવીને પણ પોતાની વિચારસરણીનો પ્રચાર-પ્રસાર કરે છે.

તેમજ વૈચારિક રીતે પોતાની સાથે જોડાયેલા લોકોને જ સરકારી માન-અકરામ-ઈનામ અને ઈલ્કાબ ઈત્યાદિ આપવાની વૃત્તિ રાખે છે. એને લીધે સંસ્કૃતના ખરા સેવકો કે ખૂણે રહીને સંસ્કૃત સાધના કરનારા પંડિતો ઉપેક્ષિત રહી જાય છે. અને માત્ર ને માત્ર રાજકીય રોટલા શેકનાર લોકો જ આગળ આવે છે. “અમે સંસ્કૃત બોલીએ એટલે અમે મોટા, અમે ઉચ્ચ કુળના” આ ભાવનાનો સમૂળગો નાશ થવો જોઈએ.આને લીધે ધર્મની ગ્લાનિ થાય છે. કદાચ સંસ્કૃતજ્ઞોની બીજા સંસ્કૃત સાધકો સાથેની આવી ઉપેક્ષિતવૃત્તિ ને લીધે સંસ્કૃત સંગઠન નબળું પડે છે.

સમાજ પર આવી વિઘાતક અસરો સીધી નથી દેખાતી. પરંતુ ભારતીય સંસ્કૃતિના મૂળમાં જે સત્ય-પ્રેમ-કરુણાના સંસ્કારો છે તેને ઝાંખપ લાગે છે. સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટે નૂતન પધ્ધતિનો યુવાનો માટે ઉપયોગ કરવો જોઈએ. વધુને વધુ યુવાનો સંસ્કૃતભાષા અને સંસ્કૃત બોલાવા માટે આકર્ષાય તેવા આધૂનિક પ્રયત્નો કરવા જોઈએ. બિન સંસ્કૃત લોકો

**અનુસંધાન પાના નં. ૭ પર**

# સદા દાસ થૈ વાળી આપિશ સાટૂ, મહા હેતવાળી દયાળી જ મા તુ



**વિચારયાત્રા**

ડૉ. જય ઓઝા

ગયા લેખમાં માતા વિશે કેમ કરીને વાત શરુ કરવી તેની અવઢવ હતી, અને હવે માતાની વાત કેમ કરીને અટકાવવી તેની વિસામણ છે, કારણ અગાઉ કહ્યું તેમ મા એ કોઈ વિષય થોડો છે કે મર્યાદામાં બાંધી શકીએ !

માન્યતે પૂજયતે સા માતા માન પૂજાયામ્ ધાતુમાંથી બનેલા ‘માતા’ શબ્દનો અર્થ જેની પૂજા કરવામાં આવે છે તે એવો થાય છે.

જે દેહમાંથી દેહ આપે, જીવમાંથી જીવ આપે અપેક્ષા વિના પારાવાર સ્નેહ આપે. જેના પ્રેમના લેખા-જોખા થઈ ન શકે તે ‘મા’ નો અર્થ ડિકશનેરીમાં શોધવાનો નથી, જીવનમાં પામવાનો છે.

સ્ત્રીના ઘણા રુપ છે, પત્ની, બહેન, દીકરી. મા. પરંતુ આ બધામાં સર્વોત્કૃષ્ટ કોઈ હોય તો તે માતાનું રુપ છે. મા બનવાની સાથે સ્ત્રીનો નવો જન્મ થાય છે. નવી જવાબદારી સાથે તેનો એક નવો જ વિશ્વમાં પ્રવેશ થાય છે. આપણે આપણી માતાને કૌશલ્યા કે યશોદા ગણીએ કે ન ગણીએ પણ દરેક મા તેના સંતાનને રામ ને કૃષ્ણ જ સમજતી હોય છે.

એક માતાની અંદર એ સામર્થ્ય છે, તે નબળા માણસને ભડવીર બનાવી શકે છે, તે સંતાનમાં ઈચ્છિત ગુણોનું સિંચન કરી શકવા સક્ષમ છે. આપણે તો માટીના લોંદાની જેમ આ સૃષ્ટિમાં આવીએ છીએ. ચાકડા પર ચડાવીને યોગ્ય આકાર આપવાનું કાર્ય અને સમાજમાં ઊભા રહેવાનું કાર્ય તો મા જ કરે છે ને ! જીજાબાઈ બાળ શિવાને ઘોડિયામાં જ હાલરડાં ગાતાં-ગાતાં રાષ્ટ્રભક્તિ અને આવનારા કપરાં કાળમાં તેમની જવાબદારીઓ વિશે સૂચિત કરતા હતા.

આજે પણ રામ-કૃષ્મ અને શિવા-રાણાને ધરતી પર જન્મ તો લેવો હશે, પણ તેમને યોગ્ય ખોળો નહીં મળતો હોય. કારણ કે હવે બાળકની બધી જ જવાબદારી સામાન્ય રીતે કેળવ માતા પર નથી હોતી, બાઈ કે આયાઓ વચ્ચે પણ વહેચાય છે. બાળક જોઈતા ભૌતિક સુખ તે પૂરા પાડે છે, પોતાના સામાજિક કામમાં વ્યસ્ત સ્ત્રી રડતા બાળકને ચૂપ કરવા મોંઘાદાટ રમકડાં આપે, અને તાત્કાલિક પ્રશ્ન ઉકેલી નાખે. બાળકને પ્રેમની તરસ છે, તેની પાણી જોઈએ છે અને કોલાકોલા મળે છે, ભવિષ્યમાં આ બાળકો તેમને વૃદ્ધાશ્રમનો રસ્તો ન બનાવે તો નવાઈ કહેવાય. કારણ જયારે.

‘જબ બોયા પેડ બબૂલ કા, ફિર આમ કહા સે હોય.’

પહેલાના અર્થસભર હાલરડાનું સ્થાન હવે ઢંગધડા વગરના જોડકણાઓ લીધું છે. આ નિંદાની વાત નથી, માની નિંદા થઈ શકે જ નહીં, પરંતુ આ એવી સ્ત્રીની વાત છે કે જે ખરા અર્થમાં માતા નથી બની શકી. સંતાનને જન્મ આપવાથી જ કાંઈ માતા થોડું બની જવાય છે ? માતાની પરિપક્વતા જયાં સુધી ન આવે ત્યાં આવી ઘટના, માફ કરજો આવી દુર્ઘટનાઓ જોવા મળથી રહેશે. ઘણી સ્ત્રીઓ આજીવન માતા નથી બની શકતી, અપવાદરુપ બનાવ છે, પરંતુ એ છે નક્કી.

માતા તો અંતર્યામી છે, પોતાના બાળકને શું જોઈએ છે, એ કોઠાસૂઝથી જાણે છે, માતા અને સંતાનનો સંબંધ અભિન્ન છે, નર્મદ આથી જ કહે છે.

ખરેખાત મા-પુત્ર સંબંધ કેવો
ખરે જાણવો પૃથ્વી ને વૃક્ષ જેવો!
કૃત્ઘ્ની છતા વહાલ તો આમતા જી,
વળાયે નહીં પાડ માયાળુ માજી !

છોરુ - કછોરું થાય, માવતર કુમાવતર ન થાય. માતા એ ક્ષમા અને કરુણાની મૂર્તિ છે. પૂ. મોરારિ બાપુના પ્રવચનમાં એક પ્રસંગ સાંભળ્યો હતો. જૈન - ગૃહસ્થની વાત હતી, ગૃહસ્થ બાપુને કહેતો હતો કે તમે માનો કે ન માનો પણ મારી માતા હજી પણ મારી ઉંમરના બધા મિત્રો - કોઈ ડૉકટર, કોઈ વકીલ છે, કોઈ વેપારી છે - તે કહે છે એ બધાને તું બોલાવ. નાનપણમાં પણ મહિનામાં એકવાર તો બધાને બોલાવે જ મેં એકવાર કીધું કે મા દર મહિને આ બધાને બોલાવવા, આ બધું શું કામ ? ત્યારે મારી મા એક વાત જ કહેતી કે તું નાનો હતો ત્યારે આ છોકરાઓ બહુ તોફાની હતા, અને તને મારતા. હવે તને મારે નહિં એટલે મહિને-મહિને બોલાવ્યા કરું છું. પોતાના સંતાન આટલા મોટા થયા છતાંય માતાના મનમાં આવો ભાવ તેના તરફ વહેતો રહે છે.

નાના હતા ત્યારે એક કોળિયો ખવડાવવા માટે મા આખા ઘરમાં આપણી પાછળ દોડતી. ઘરમાં કોઈ તોડફોડ કરીએ, પાણી ઢોળી નાખીએ, અનાજ બગાડીએ, કેટ-કેટલા પરાક્રમ ગણાવવા ? આખો દિવસ ચોકી પહેરો ભરતી મા. ગમે તેવા ટાઢ-ટડકામાં પણ આંગળી પકડીને દરરોજ શાળાએ લેવા મૂકવા આવતી મા, પરીક્ષામાં વહેલી સવારે વાંચવા માટે ઉઠાડતી મા, એટલું જ નહીં વળી સાથે ‘કંપની’ આપવા જોડે બેસીને ઉજાગરો વેઠતી મા. કોઈની સાથે ઝઘડો કરીને ઘરે આવીએ ત્યારે સાચું-ખોટું જાણ્યા વગર આપણો પક્ષ લેતી મા, સરળતાથી, સહજતાથી એક પણ ક્ષણ પણ ન ખોટકાઈને ચોવીસ કલાક ચાલતા યંત્રની જેમ મા એ આપણું ધ્યાન રાખ્યું. માના આવા પ્રેમભર્યા ઉપકારની આપણે કયારેય નોંધ લીધી છે ખરી ? માતા અને મૃગજળ ઝટ સમજમાં આવતા નથી, મૃગજળ નથી છતાં દેખાય છે,

**અનુસંધાન પાના નં. ૭ પર**

# પ્રમાણિકતા - સરળતા જેવા ગુણો માનવીને મહાન બનાવે છે



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

‘સાહેબ વધારાના પૈસા લઉં તો ભગવાન રાજી ના રહે...’ ગામડા ગામના - પહાડોમાં વસનારા પદ્મસીંગ ઠાકુરે કહ્યું.

અમદાવાદથી ધ્વનિ - સ્તુતિ - કક્ષા - ચાહત - રુદ્રી - કવિશ અને તેમના ઘરના વડીલો નિયમિત રીતે ગુજરાત અને આ ઉપરાંત ગુજરાત બહારના વિસ્તારોમાં પ્રવાસ કરવા છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ટેવાયેલા હતા.

પ્રકૃતિ દર્શન થાય - ઈતિહાસ - ભૂગોળની માહિતી મળે - સહુ સાથે મળીને આનંદ કરે અને પ્રેમ વધુ ને વધુ ગાઢ થાય - દોસ્તીના મૂળ ઊંડા જાય એ હેતુ સાતત્યપૂર્ણ રીતે બર આવતો જતો નિહાળીને સહુ આનંદિત હતા.

ઉનાળાની રજાની મૌસમમાં આ વખતે જવું હતું. બેંગ્લોર - ઊંટી - કોડાઈ કેનાલ તરફ, પરંતુ વ્યવસાયના - નોકરીના પ્રશ્નો આવ્યા અને કાર્યક્રમ ગોઠવાયો દિલ્હી થઈને મનાલી તરફ જવાનો... પહાડોમાં બહુ દોડાદોડી ના કરતા મનાલી અને આસપાસ ફરવું એવું નક્કી થયું. ટીકીટો ને ગાડીઓને હોટેલો બુક થવા માંડી. બધાનો આગ્રહ હતો કે આ વખતે હોમ-સ્ટેમાં જ રહેવું છે એટલે મનાલી શહેરથી થોડે આગળ ‘ડફડન’ હાઉસ - વાસ્તવમાં એક વીલા જેવો બંગલો બુક કરાવ્યો... પારિવારિક સ્વજન મનીષે કહ્યું કે મનાલી જતા પહેલા નગર ગામે જાવ... એક રાત રોકાવ... બહુ મજા પડશે... હોમ સ્ટે શોધી રહ્યા હતા તેમાં ભાવનગરના વાસુદેવસિંહ સરવૈયાએ કહ્યું કે, ‘બધી જવાબદારી મારી...’ યુથ હોસ્ટેલ સાથે એમનો ત્રણ દાયકા કરતા વધુ સમયનો સંબંધ... યુવાનોને તથા પરિવારોને ટીમ લીડર તરીકે તેઓ હિમાલયના પર્વતોમાં અનેકવાર લઈ ગયા છે. ૬૦ વર્ષની ઉંમરે યુવાનો પણ શરમાળ એવી એમની સ્ફુર્તિ અને ઉર્જા છે. તેઓએ નગર ગામથી ત્રણ-ચાર કિલોમીટર દૂર... વધુ ઊંચાઈ પર રુમસુ ગામે રહેવાનું ગોઠવી આલું. તેઓ ત્યાં હતા એક ગ્રુપ સાથે ત્યારે હોમ-સ્ટેના માલિક પદ્મસીંગ ઠાકુર આર્થિક ચોકવટ આરંભે ન થઈ હતી. પછીથી સ્તુતિએ ડેડીએ બધુ ફાઈનલ કર્યું ત્યારે બે ટાઈમ બ્રેકફાસ્ટ / રાત્રે ડીનર / ચા-પાણી - રહેવા સાથે એક ચોક્કસ રકમ નક્કી થઈ હતી. ત્યાં સવારે ૮ વાગે ટેમ્પો ટ્રાવેલર લઈને પહોંચ્યા... પોતાનો સામાનને ગરમ કપડાં ને નાસ્તાના ડબ્બા ઊંચાઈ પર ઊંચકીને સહુના શ્વાસ અદ્ધર થઈ ગયા પણ ત્યાં પહોંચીને સામે જ બરફ જોયો એટલે સહુ નાચી ઊઠ્યા... મૂળ પ્લાનમાં બપોરનું લંચ નક્કી કરાયું ન હતું... છતાં બધી જ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ... પહાડી મુલ્કોમાં અનાજ-લોટ - શાકભાજી - મસાલા ઘરમાં જ રાખવા પડે છે. એટલે થોડું કામ સરળ થયું. ટ્રેકીંગ કર્યું. ગામમાં ફર્યા - આનંદ આનંદ કર્યો અને છેલ્લા દિવસે જયારે પૈસા અકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા ત્યારે સહજપણે પૂછ્યું કે ‘લંચ મૂળ પ્લાનમાં ન હતું તો એના પૈસા કેટલા થાય ?’ એના જવાબમાં ૧૪ વ્યક્તિઓને મીઠું ભોજન કરાવનાર પદ્મસીંગ લેખના આરંભે લખેલા શબ્દો ઉચ્ચાર્યા.

પદ્મસીંગે વાતચીતમાં કહ્યું કે પહાડી પ્રદેશના માણસોની જરૂરિયાતો ઓછી છે, માણસો સંતોષી છે, પ્રમાણિત છે, મહેમાનોને સાચવે છે... આ બધા જ શબ્દોની અનુભૂતિ એમને ત્યાં નિવાસ દરમિયાન અને પછીથી હિમાલયના પ્રવાસમાં થઈ.

નાના માણસો એના વાણી - વિવેક - વર્તન અને વ્યવહારથી ઘણીવાર માનવતાની દૃષ્ટિએ, જીવન મૂલ્યોની દૃષ્ટિએ મોટાઈ બતાવી જતા હોય છે.

તાજેતરમાં બનેલો આ કિસ્સો પણ આવી જ લાગણીનો પડઘો પાડે છે. એક ટંક ભોજનના ૧૪ જણાના પૈસા એ લઈ શક્યા હોત પરંતુ એણે કહ્યું કે આને મારું આતિથ્ય સમજો - સામા પક્ષે મહેમાનોએ પણ પોતાની રીતે એમને ભેટરૂપે આર્થિક રકમ આપીને એની સરળતાને બિરદાવી હતી.

પ્રમાણિકતા - સરળતા જેવા ગુણો માનવીને મહાન બનાવે છે. આવા ગુણો ધરાવનાર માણસો આપણને હંમેશા યાદ રહી જાય છે. થોડું જતું કરીને મહેમાનોનો પ્રેમ જીતનાર માણસ એક અર્થમાં વધુ વ્યવસાયિક સફળતા તરફ ડગ માંડે છે.

મહાનગરોમાં સતત દોડતા - હાંફડા ને તમામ પ્રકારે સુખી થવા (આનંદિત નહિ) દોટ મુકતા લાખ્ખો માણસોની સામે આવા થોડા માનવીઓ પણ છે જે વાસ્તવમાં જીંદગીને જીવી જાણે છે ને આતિથ્યના - પ્રેમના - દીવડા પ્રગટાવે છે જેના અજવાળા કેટલાયે લોકો સુધી પહોંચે છે.

●●●

પહાડોને ચીરીને નીકળતા
ઝરણાની ભીનાશ
પહાડોમાં રહેતા માણસોના
સ્વભાવની મીઠાશ
બંને આપે છે ઠંડક.

# સહન કરવું એ સાધુતા



**પ્રસંગસર**

સતીષ શામળદાન ચારણ
sscharan_aaa@yahoo.co.in

છાંય તો વડલા જેવી, નાદ તો નભના સમ; પુણ્યાત્માનાં ઉંડાણ તો આભ જેવા અગાધ છે.

ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિમાં પૂર્ણ સ્વામિનારાયણ સંપ્રદાયના પુણ્યાત્મા મહાસંત શ્રી યોગીજી મહારાજનું નામ આજે સ્વામીનારાયણ સંપ્રદાયમાં ગૌરવપૂર્વક વંદન સાથે લેવાય છે. એવા જીણા ભગતનો જન્મ અમરેલી જિલ્લાના ધારી ગામે સંવત ૧૯૪૮ ના વૈશાખ વદ ૧૨ ના રોજ સત્સંગી અને વ્યવસાયે વકીલ એવા દેવચંદભાઈ ઠકકરને ત્યાં ધર્મપારાયણ માતા પુરીબાઈની કુખે થયો હતો. એમનું કુટુંબ ચાર પેઢીઓથી સ્વામીનારાયણ ધર્મ પાળતું હતું. તેઓ આગળ જતાં સ્વામીનારાયણ સંપ્રદાયનાં મહાસંતશ્રી યોગીજી મહારાજ બન્યાં.

શાંત અને સૌમ્ય સ્વભાવના મહારાજ શાળામાં પણ ઓછા બોલા...મોટાભાગે મૌન રહે. બીજા બાળકો રમતા હોય ત્યારે તે કંઈક વાંચન કરતાં હોય અથવા તો ખુણામાં બેસીને ઉંડા વિચારો કરતાં હોય ત્યારે ઘણીવાર છોકરાઓ તેમની મશ્કરી કરતા કે, જીણા તારે બાવો બની જવું જોઈએ. ત્યારે જીણાભાઈ કહેતા કે, હા એવો જ વિચાર થાય છે. નાનપણથી જ કાકાની સાથે સ્વામીનારાયણ મંદિરમાં પૂજા અર્ચન કરવા જાય.

જુનાગઢ સ્વામીનારયણ મંદિરે કૃષ્ણચરણદાસ સ્વામીએ જીણાભાઈની સેવાથી ખુશ થયાં અને તેમને પ્રસાદી આપતાં પૂછ્યું કે, જીણા સાધુ થઈશ ? ત્યારે તેમણે સ્વામીનારાયણ ભગવાનની ભક્તિ અને ગુરુની સેવાની ભાવના સાથે તેમને હા પાડી. ૧૯ વર્ષની ઉમંરે સ્વામીનારાયણ સંપ્રદાયની દિક્ષા લઈ તેઓ જ્ઞાનજીવનદાસ તરીકે ઓળખાયા.

પૂજાવાનો, હાર પહેરવાનો કે પોતાની જન્મ જયંતી ઉજવવાનો જરા પણ મોહ નહીં ...તેઓ કહેતા કે ‘ હું તો વાસણ ઉટકવામાં તૈયાર, ટોકણી ખમવામાં તૈયાર. માન આપે તે ન ગમે. અપમાન કરે તો રાજી. ’ એમની મોટપ વાસણ ઉટકવામાં ! પહેલેથી જ સેવકધર્મ, ગુરુધર્મ નહીં. દાસત્વની ભાવના... પાનબાઈએ કિધું છે તેમ : ‘ ભક્તિ કરવી એને દાસ થઈને રહેવું, ને મેલવું અંતરનું અભિમાન જી..’

તેમની ખરી સિદ્ધિ તો અક્ષરપુરુષોત્તમ સંપ્રદાયનો વિકાસ છે. તેમનો ઉદ્દેશ્ય કે ગુજરાત તેમજ વિદેશમાં સ?વામીનારાયણ સંપ્રદાયનો પ્રચાર-પ્રસાર કરવાનો હતો. આ માટે સારંગપુર અને ગોંડલ ખાતેનાં અક્ષર પુરૂષોતમ સ?વામી મંદિરના બાંધકામથી લઈને ગોંડલ સ?વામીનારાયણ મંદિરના મહંતપદે તેમને સ?થાપીત કરવામાં આવ્યા.

વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી, ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના ત્રૃતિય ગુરુવર્ય બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે બોચાસણમાં પ્રથમ મંદિર ‘ બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા’ સ્થાપી. તેમના અનુગામી તરીકે યોગીજી મહારાજને હતા. ‘ યુનો ’ દ્વારા માન્ય આ સંસ્થા શૈક્ષણીક, સામાજિક, તબીબી સેવાઓ, રક્તદાન, પર્યાવરણ જેવી આંતરરાષ્ટિય કક્ષાએ અનેક લોકપયોગી પ્રવૃત્તિઓ કરી રહેલ છે. મુંબઈમાં ભવ?ય અક્ષર ભુવન સ?થાપ?યું સાથે સાથે રાજકોટ અને ગોંડલમાં ભવ?ય ગુરૂકુળ સ્થાપી શૈક્ષણિક પ્રવૃત્તિ વધારી. યુવા પ્રવૃતિ તો તેમનું આગવું અંગ હતી. તેઓ કહેતા કે યુવકો મારૂ રૂદય છે. યુવાનોને સંસારની અસારતા સમજાવી તેમનામાં સત્સંગની ચિનગારી પ્રકટાવી.

(સંદર્ભ : પુસ્તક - બ્રહમસ્વરૂપ યોગીજી મહારાજ)